# Day to Day Current Affairs
## July – 2015

❖ ૩ જુલાઈ, ૨૦૧૫ (શુક્રવાર)

### 1) સમગ્રદેશમાં મોબાઈલ પોર્ટેબિલિટીનો આજથી પ્રારંભ :–

- હવે સમગ્ર દેશમાં આજથી એટલે કે ૩ જુલાઈ થી ફુલ મોબાઈલ નંબર પોર્ટેબિલિટી લાગુ થઈ જશે.
- રાજય બહાર પણ પોર્ટેબિલિટિનો લાભ મળશે.
- મોબાઈલ નંબર પોર્ટેબિલિટી લાગુ થતાં ટેલિકોમ સર્કલ કે રાજયની બહાર જવા પર હવે મોબાઈલ નંબર બદલવાની જરૂર નહી રહે.
- અત્યાર સુધી મોબાઈલ સબસ્ક્રાઈબર્સ તેમના વર્તમાન ટેલિકોમ સર્કલની અંદર જ સર્વિસ પ્રોવાઈડર બદલી શકતા હતા.
- કોઈપણ રોમિંગ ચાર્જ લેવામાં આવશે નહિ.
- માત્ર ૧૯ રૂપિયાના ખર્ચથી આ સુવિધા મળી શકશે.
- આ સેવા પ્રિપેઈડ અને પોસ્ટપેઈડ બંન્નેના ગ્રાહકો લઈ શકશે.
- શુ છે મોબાઈલ પોર્ટેબિલિટી :–
  – મોબાઈલ પોર્ટેબિલિટી એક એવી સર્વિસ છે જે અંતર્ગત યુઝર્સ સર્વિસ પ્રોવાઈડર બદલવા છતા અને એક રાજયમાંથી બીજા રાજયમાં જવા છતાં રોમિંગ ચાર્જ વગર એક જ નંબર રાખી શકશે.
- કેન્દ્રિય ટેલિકોમ મંત્ર :– રવિશંકર પ્રસાદ

### 2) સ્વાસ્થય માટે કેન્દ્રની હેલ્પલાઈન :–

- સ્વાસ્થ્ય વિભાગે ૨૪ કલાક હેલ્પલાઈન શરૂ કરી છે.
- તેમા સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી કોઈપણ સમયે મેળવી શકાશે.
- 180018001104 આ નંબર પર કરીને ફ્રિ માં સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી મેળવી શકાશે.
- કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી :– જે. પી. નડ્ડા
- સુરક્ષાના કારણોસર આ સુવિધા જમ્મુ – કાશ્મિર, આસામ અનુ પૂર્વોત્તરના રાજયમાં અમલી થશે નહી.

### 3) ઋષિકેશ કાનિટકર :–

- ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ખેલાડી ઋષિકેશ કાનિટકરે ક્રિકેટમાંથી નિવૃતિ જાહેર કરી.
- પોતાની ત્રણ વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં કાનિટકરે બે ટેસ્ટ અને ૩૪ વન – ડે મેચમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

Vivekanand Academy, Gandhinagar